# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૭ તા. ૪-૬-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય:- વર્ષ : ૨૦૧૯માં ધો.૧માં પ્રવેશ મેળવેલ શહેરી વિસ્તારમાં ગરીબી રેખા નીચે રહેતા કુટુંબોની કન્યાઓને વિદ્યાલક્ષ્મીબોન્ડ આપવા બાબત.

સંદર્ભ :- પ્રા. શિ.નિયામકશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ચ-૧/નગર/વિદ્યાલક્ષ્મી/૧૯-૨૦/૨૯૯-૩૬૨ તા.૨૨-૫-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે ઉપરોકત વિષયના અનુસંધાને તમારી શાળામાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધો.૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીની કે જે ગરીબી રેખા નીચે રહેતા કુટુંબોની કન્યા હોય તે જ કન્યાઓને રૂ.૨,૦૦૦/-ના વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવવાને પાત્ર થાય છે. તે મુજબ તમારી શાળાઓની વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવવા પાત્ર કન્યાઓના વાલી પાસેથી કન્યાનો અભ્યાસક્રમ પુરો કરશે તેવું બાંહેધરી પત્ર લેવાનો રહેશે અને જો અભ્યાસક્રમ અધવચ્ચેથી છોડી જશે તો કન્યાના નામે લેવાયેલ બોન્ડ રદ ગણાશે તથા તેની જે તે સમયે મળવાપાત્ર રકમ સરકારી તિજોરીમાં જમા થશે. આ બોન્ડની વ્યાજ સહિતની ચુકવણી જે તે કન્યાઓને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકની શાળાઓમાંથી ધો.૮ પાસ કર્યા બાદ મળવા પાત્ર થશે.આ અંગેની જાણ કન્યાઓને તથા તેમના વાલીને કરવાની રહેશે. નીચે જણાવ્યા મુજબના પત્રકમાં માહિતી તૈયાર કરી સુપરવાઈઝરશ્રીને તાત્કાલિક દિન-૫માં રૂબરૂ મોકલી આપશો. જેથી કન્યા કેળવણી પ્રવેશોત્સવ-૨૦૧૭ દરમ્યાન વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાનો લાભ આપી શકાય, તેમજ સદરહુ કન્યા કઈ કેટેગરીની છે તે પણ દર્શાવવાની રહેશે. તા. ૧૦-૦૬-૨૦૧૯, ૪.૦૦ વાગ્યા પછી મોકલનાર વિદ્યાર્થીનીના બોન્ડ પ્રવેશોત્સવ સમયે મળશે નહી તો આ કામગીરી ગંભીરતા પૂર્વક કરવી.

પત્રક

શાળાનું નામ:- ઝોન :- વોર્ડ :-

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વાલીનું નામ | સરનામું | બી.પી.એલ. કાર્ડ નંબર | કેટેગરી<br>એસ.સી/એસ.ટી./ઓ.બી.સી./લઘુમતિ/અન્ય |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

મુખ્ય શિક્ષક સુપરવાઈઝર

તા.૪-૬-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી